વડીલોને વંદન અભિનંદન



ઠાકોર પ્રવિણભાઇ નટવરલાલ
(૧૯૪૪) ફોન: ૨૩૨૩૯૧૨૬

શિક્ષક સંઘ દ્વારા પડતર માંગણીઓની સરકાર સમક્ષ રજૂઆત કરવા સાધારણ સભાનું આયોજન

નાણાંમંત્રી દ્વારા ઘોર ઉપેક્ષાનો આક્ષેપ : આચાર્ય સંઘે ૧૮મી જાન્યુઆરીએ આંદોલન કરવાની ચીમકી

અમદાવાદ, તા. ૧૦

ગુજરાત રાજય ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા સરકારી-બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો, આચાર્યો અને વહીવટી કર્મચારીઓને મળવાપાત્ર લાભો અંગે રાજયના નાણાંમંત્રી દ્વારા ઘોર ઉપેક્ષા અને ઈરાદાપૂર્વક શિક્ષકોને લાભથી વંચિત રાખવામાં આવતો હોવાનો આક્ષેપ કરી વ્યાપક અસંતોષ વ્યક્ત કર્યો છે. આ અંગે તેમણે તેમની માંગણીઓના ઉકેલ માટે ચર્ચા કરવા મહામંડળની સામાન્ય સભા તા. ૧૨મી જાન્યુઆરીએ અંબાજી ખાતે આયોજીત કરેલ છે.

ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ દ્વારા સરકારમાં નિમાતા તમામ કર્મચારીઓને આપવામાં આવે છે. તે મુજબ ગ્રાન્ટેડ શાળાઓમાં ૧૯૯૮ પછી નિમાયેલ આચાર્યો, શિક્ષકો, ક્લાર્ક, પટાવાળા વગેરે થઈને લગભગ ૧૫૦૦થી વધુ કર્મચારીઓને રક્ષણ આપવા માંગણી કરેલ છે. તેમજ કેટલાક છુટા કરાયેલ કર્મચારીઓના ઉલ્લેખ સાથે હકારાત્મક રક્ષણ પોલીસી ઘડવા અનુરોધ કર્યો છે. આ ઉપરાંત એન્ટ્રીલેવલ પે સ્કેલ, એલ.ટી.સી., લીવ એન્કેશમેન્ટ, પાંચમાં અને છઠ્ઠા પગારપંચ મુજબ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ, છુટા કરાયેલ કર્મચારીઓને પુનઃ લેવા જેવી બાબતો અંગે રાજય સરકાર સમક્ષ રજૂઆત કરવા તેમ જ તે અંગે ચર્ચા વિચારણા કરવા અંબાજી ખાતે મહામંડળની સામાન્ય સભા યોજવામાં આવી છે.

મહામંડળ દ્વારા તેમની માગણીઓને ગુજરાત રાજય આચાર્ય સંઘ દ્વારા ટેકો આપતા જો સત્વરે આ પ્રશ્નોનો ઉકેલ ના આવે તો આંદોલનનો કાર્યક્રમ ઘડી કાઢેલ છે તે મુજબ તા. ૧૮મી જાન્યુઆરીએ રાજયના તમામ જિલ્લાઓમાં કલેક્ટરોને આવેદનપત્ર આપવામાં આવશે.

ધનસુરા તાલુકામાં બે જ ગ્રામ સેવક છે !

ધનસુરા, તા.૧૦

ધનસુરા તાલુકામાં ગ્રામ સેવકની ૧૦ જગ્યાઓ છે. જેમાંથી માત્ર ૨ જગ્યા ભરેલી છે. જિલ્લા કક્ષાએ ખેડૂતોએ વારંવાર રજૂઆત કરવા છતાં જગ્યાઓ ભરવામાં આવતી નથી હાલ સરકારની વિવિધ યોજનાઓના લાભ ૭૫ ગામો સુધી પહોંચતા નથી જેથી પરિણામે લાભાર્થીઓ વિવિધ લાભોથી વંચિત રહી જાય છે અને તેમને આર્થિક નુકશાન થાય છે. આથી ખેડૂત બેહાલ થાય છે ત્યારે ધનસુરા તાલુકાના ખેડૂતો ગ્રામ સેવકોની જગ્યા તાત્કાલીક ભરાય તેવું ઈચ્છે છે.

પાલનપુરમાં વિવેકાનંદની ૧૫૧મી જન્મ જયંતિની ઉજવણી કરાશે

પાલનપુર, તા. ૧૦

સ્વામી વિવેકાનંદજીની ૧૫૧મી જન્મ જયંતિની આવતીકાલ તા. ૧૨ જાન્યુ-૨૦૧૪ રવિવારે પાલનપુરમાં દબદબાભેર ઉજવણી કરવામાં આવશે. સવારે ૯.૩૦ કલાકે દિલ્હીગેટ વિવેકાનંદ ચોક સ્થિત સ્વામીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અગ્રણીઓ દ્વારા કરાશે. દિલ્હીગેટથી રેલવેસ્ટેશન સુધીના મુખ્ય માર્ગને સ્વામી વિવેકાનંદ માર્ગ નામાભિધાન કરાયેલ હોઈ આ માર્ગ ઉપર આવેલ વેપારી પ્રતિષ્ઠાનોને સરનામા તરીકે આ માર્ગના નામનો ઉલ્લેખ કરવા અપીલ કરાશે. રાત્રે ૭.૩૦ કલાકે વિવેકાનંદ ચોક દિલ્હીગેટ ખાતે દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ યોજાનાર છે. જેમાં જાણીતા કલાકારો ભાગ લેશે. આ તમામ કાર્યક્રમોમાં હાજર રહી વિશ્વ વિભૂતિ સ્વામી વિવેકાનંદજીનો સંદેશ ઝીલવા તમામ નાગરિક ભાઈ-બહેનોને વિવેકાનંદ કેન્દ્રના કન્વીનર ગણપતભાઈ જોષીએ જાહેર નિમંત્રણ પાઠવેલ છે.

ભિલોડામાંથી ૩૦ ક્વિન્ટલ લીલા લાકડાં ભરેલું ટ્રેક્ટર-ટ્રોલી ઝડપાયું

રૂ. ૩,૦૭,૫૦૦નો કુલ મુદ્દામાલ જપ્ત કરાયો : લીલા લાકડાંનો બે નંબરનો ધંધો કરતા વેપારી આલમમાં ભારે ફફડાટ ફેલાયો

ભિલોડા,તા.૧૦

અરવલ્લી જીલ્લાના ભિલોડામાંથી ૩૦ ક્વિન્ટલ લીલા લાકડાં ભરેલું ટ્રેક્ટર-ટ્રોલી ઝડપાયું.રૂા.૩,૦૭,૫૦૦/-નો કુલ મુદ્દામાલ ભિલોડા વન વિભાગના અધિકારીઓ ધ્વારા જપ્ત કરાયો છે.લીલા લાકડાંનો બે નંબરનો ધંધો કરતા વેપારી આલમમાં ભારે ફફડાટ ફેલાયો છે.ભિલોડા આર.એફ. ઓ. વનરાજસિંહજી આર.ચૌહાણ, ભિલોડા વનપાલ એ.પી.કુંપાવત, ભિલોડા બીટગાર્ડ પી.એચ.રહેવર સહિત વન વિભાગના અધિકારીઓને બાતમી મળતાં ભિલોડા વન વિભાગના અધિકારીઓ મારફતે નાકાબંધી દરમ્યાન લીલછા ગામમાંથી લીલો લીમડો અને કણજીના વૃક્ષોનું નિકર્દન કાઢી સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના ખેડ ગામના રહેવાસી ગુનેગાર,ડ્રાઈવર,માલીક નરેશભાઈ ભુપતભાઈ ઓડ મારફતે સ્વરાજ ૭૩૫ ટ્રેક્ટર નંબર. જી.જે.૯.એચ.૬૫૯૮ માં અંદાજીત ૩૦ ક્વિન્ટલ લીલા લાકડાં ભરી

કાયદાની એસી-તેસી કરી બિન્દાસ્ત લીલા લાકડાં વેચવા માટે લઈ જતો હતો.ભિલોડા વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ ૩૦ ક્વિન્ટલ લીલા લાકડાંની અંદાજીત કિંમત રૂા. ૭,૫૦૦/-અને ટ્રેક્ટર-ટ્રોલીની અંદાજીત કિંમત રૂા.૩,૦૦,૦૦૦/-કુલ મુદ્દામાલ રૂા.૩,૦૭,૫૦૦/- ઝડપાયો છે. ભિલોડા વન વિભાગના અધિકારીઓ ધ્વારા લીલા લાકડાંનો બે નંબરનો ધંધો કરતો ઈસમ, ૩૦ ક્વિન્ટલ લીલા લાકડાં,ટ્રેક્ટર-ટ્રોલી ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે શિયાળાની ફુલગુલાબી ઠંડીનું પ્રમાણ દિન-પ્રતિ-દિન વધતાં બળતણ માટે વપરાતા લાકડાંની માંગ વધુ હોવાના કારણે બે નંબરીયા વેપારીઓ લીલા વૃક્ષોનું નિકર્દન કાઢી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.વન વિભાગના અધિકારીઓ ધ્વારા પેટ્રોલીંગ કરવામાં આવે તો લીલા વૃક્ષોનું નિકર્દન કાઢી લીલા લાકડાંનો બે નંબરનો ધંધો કરતા બે નંબરીયા વેપારીઓ ઝડપાઈ શકે તેમ છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના ગ્રામ્યવિસ્તારોમાં આવેલા અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાંથી લીલા વૃક્ષોનું નીકર્દન કાઢી બે નંબરીયા વેપારીઓ બેરોકટોક કાયદાની એસી-તેસી કરી લાખ્ખો રૂપિયાની કમાણી કરી લેતા હોવાનું લોકમુખે ચર્ચાય છે.લીલા વૃક્ષોનું નિકર્દન કાઢી લીલાં લાકડાં વેચવાનો ધીકતો ધંધો દિન-પ્રતિ-દિન ફુલી ફાલી રહ્યો છે.

૨૬મી જાન્યુઆરી-રાજય કક્ષાના ઉજવણીના ભાગ રૂપે ટુર-દિ-પોળો ગ્રીન રેસ-સાયકલ રેસનું આયોજન : ૨૦૦ જેટલા રાષ્ટ્રિય આંતરરાષ્ટ્રીય કક્ષાના સાયકલ સવારો સહિત ૬૦૦૦ ભાગ લે છે

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે ૨૬મી જાન્યુઆરીએ રાજયકક્ષાની ઉજવણી થનાર છે. જેના ભાગ રૂપે જિલ્લામાં જુદા જુદા કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. રાજયકક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે જિલ્લામાં

(તસવીર : મગનજી વણઝારા)

ટુર-દિ-પોળો ગ્રીન રેસ-સાયકલ રેસનું આયોજન ૧૨મી જાન્યુ.એ કરવામાં આવ્યું છે. જેમાં ૨૦૦ જેટલા રાષ્ટ્રીય-આંતર રાષ્ટ્રીયકક્ષાના સાયકલ સવારો તેમજ ૬૦૦૦ જેટલા સ્થાનિક સાયકલ સવારો ભાગ લેનાર છે.

જિલ્લામાં યોજાનાર ટુર-દિ-પોળો ગ્રીનરેસ-સાયકલ રેસ અંગે ૧૨મી જાન્યુઆરીએ યોજાનાર કાર્યક્રમ વિશે માહિતી આપતાં જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે વિસરાયેલી પ્રાચીન પોળો સંસ્કૃતિ સ્થાપત્યને ઉજાગર કરવા અને વન અને પર્યાવરણને થતું નુકશાન અટકાવવા માટે લોકોમાં જાગૃતિ લાવવા ગ્રીન રેસ-સાયકલ રેસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૨૦૦ જેટલા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાના સાયકલ સવારો સહિત ૬૦૦૦ સ્થાનિક સાયકલ સવારો ભાગ લેનાર છે. વધુમાં કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે સાયકલ રેલીમાં પ્રોફેશનલ સાયકલ રેસમાં પ્રથમ આવનારને રૂ. ૧ લાખનું ઈનામ તેમજ કુલ ૨૦ સાયકલ સવારોને રૂ. ૨.૫૦ લાખના પ્રોત્સાહન ઈનામ-ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવનાર છે. સ્થાનિક સાયકલ સવારોમાં સ્ત્રી-પુરુષ વર્ગમાં પ્રથમને રૂ. ૧૦ હજાર સહિત ૧૦ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવનાર છે.

ટુર-દિ-પોળો ગ્રીન રેસ-સાયકલ રેસમાં સાબરકાંઠા જિલ્લા કલેકટર બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન એમ. જિલ્લા પોલીસ વડા ચિરાગ કોરડીયા સહિત અધિકારીઓ ભાગ લેનાર છે.

પાટણના સાંસદ દ્વારા લશ્કરી ભરતી મેળાની તાલીમ શિબિરનું આયોજન

(તસવીર : જેણુભા વાઘેલા, પાટણ)

પાટણ, તા.૧૦

પાટણ ખાતે યોજાનાર લશ્કરી ભરતી મેળામાં યુવાનોને શારીરિક તપાસ અને માર્ગદર્શન આપવા માટે સાંસદ દ્વારા માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરળામાં આવ્યું છે. જેના ભાગરૂપે આજે પાટણ જિલ્લા કોંગ્રેસ પ્રવકતાના અધ્યક્ષ પદે કોંગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ યોજાઈ હતી.

જિલ્લા મથક પાટણ ખાતે આગામી ૧૭ જાન્યુઆરી થી ૪ ફેબ્રુઆરી સુધી યુનિ. ગ્રાઉન્ડ ખાતે લશ્કરી ભરતી મેળો યોજાશે. જેનું આયોજન પાટણના સાંસદ જગદીશભાઈ ઠાકર દ્વારા કરવામાં આવ્યું છે. આ લશ્કરી મેળામાં યુવાનોને શારીરિક તાલીમ અને તે અંગેના માર્ગદર્શન માટે શહેરના કમલાબા હોલ ખાતે માર્ગદર્શન કાર્યક્રમ યોજાશે. જેમાં તમામની શારીરિક તપાસણી કરી આપવામાં આવશે તેમ પ્રવકતા મહેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

સ્કાઉટસ-ગાઈડસ સંગઠન યુવાનોના વ્યકિતત્ત્વના વિકાસ તથા ચારિત્ર્ય નિર્માણનું મહત્વનું કાર્ય કરે છે : રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે સ્કાઉટસ-ગાઈડસ સંગઠને યુવાનોના વ્યકિતત્વ વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે અને સાથે સાથે છાત્રોમાં રાષ્ટ્ર પ્રેમ, શિસ્ત તથા ભાઈચારાના નૈતિક મૂલ્યોનું સિંચન થાય તે માટે પણ હંમેશા તત્પર રહ્યું છે. રાજભવન ખાતે ગઈકાલે યોજાયેલા 'રાજય પુરસ્કાર વિતરણ સમારોહ' માં રાજયના સ્કાઉટસ-ગાઈડસનું રાજયપાલશ્રીના હસ્તે સન્માન કરી પુરસ્કારો અર્પણ કરાયા હતા. આ પ્રસંગે ઉદબોધન કરતાં ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે મોટી સંખ્યામાં અહીં ઉપસ્થિત સ્કાઉટસ-ગાઈડસ રાષ્ટ્રપતિ પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે ભરપૂર પ્રયાસો કરશે તેવી મને આશા છે. ગુજરાતમાં વધુ સંખ્યામાં સ્કાઉટ-ગાઈડસ જોડાય તેવા પ્રયાસો પર ભાર મૂકતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે આ પ્રવૃત્તિનો વધુમાં વધુ પ્રચાર થાય અને વિદ્યાર્થીઓ રાષ્ટ્રપ્રેમ અને સમાજ પ્રત્યેની જવાબદારી પ્રત્યે વધુ સભાનતા કેળવે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ.

સ્કાઉટસ ગાઈડસ આંદોલન એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું આંદોલન છે જે વિશ્વના તમામ દેશોમાં કાર્યરત છે અને સમાજ અને રાષ્ટ્રની સેવામાં સંલગ્ન છે. આંદોલન દ્વારા યુવાનોમાં વિશ્વ ભ્રાતૃત્વ અનુશાસન, સહનશીલતા, ચારિત્ર્ય ઘડતર અને સેવાભાવનાનું સિંચન કરી તેમને સમાજના જવાબદાર નાગરિક બનાવવાનું આ સંગઠન કામ કરે છે, જે સરાહનીય છે. તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ સ્કાઉટસ-ગાઈડસ પ્રવૃત્તિમાં જોડાઈ સામાજિક કુરીવાજો-એઈડ્ઝ, શિક્ષણ, સ્વચ્છતા, રકતપિત્ત નિર્મૂલન, પ્રૌઢશિક્ષણ, પોલિયો-રસીકરણ, વૃક્ષારોપણ જેવા સમાજોપયોગી યોગદાન આપવું જોઈએ.

શબ્દાવલી - ૫૨૮૪

૧		૨	૩	■	૪	૫	૬
	■	૭		■	૮		
૯		■	૧૦	૧૧		■	■
	■	૧૨	■	૧૩		■	■
■	૧૪		૧૫	■	૧૬	૧૭	■
૧૮	■	■	૧૯	૨૦	■	૨૧	૨૨
૨૩	૨૪	■	■	૨૫	૨૬		
૨૭			■	૨૮			

આડી ચાવી

૧. મીઠું, બધા રસ તેમાં સમાયેલ છે (૪)
૪. સુંદર, મજાનું (૩)
૭. ખેડૂત ખેતરમાં ખેતી કરે તે (૨)
૮. શોક (૩)
૯. બરફના કણ, બરફનો વરસાદ (૨)
૧૦. લાઇન, લેન (૩)
૧૪. વસવું તે (૩)
૧૬. એક કઠોળ (૨)
૧૯. પ્યાલો, દારૂની પ્યાલી (૨)
૨૧. ત્રેવડ, ... પ્રમાણે (૨)
૨૩. મર્હેદી (૨)
૨૫. ગણપતિનું એક નામ (૪)
૨૭. પરણવું તે, વિવાહ (૩)
૨૮. નાડી, નર (૨)

ઊભી ચાવી

૧. જાનવર-કસરત વગેરેના ખેલનો તમાસો (૪)
૨. ચૂકે, ભૂલથી પણ (૨)
૩. રોડ, કેડી, રસ્તો (૩)
૪. સુધારા-વધારાનું કામ (૫)
૫. મશગૂલ (૨)
૬. વેવાણ (૪)
૧૧. નાના બાળકોની ભાષામાં રોટલો (૨)
૧૨. નજીક, જોડે (૨)
૧૫. રાય, કીંગ (૨)
૧૭. આકાશ, નભ (૩)
૧૮. કિનારો, નભ (૩)
૨૦. મા ખોડિયારનું વાહન (૪)
૨૨. સીતાજી (૩)
૨૪. સાપ (૨)
૨૬. ઉઠ, સૂતાને ઉઠાડવું (૨)

શબ્દાવલી ૫૨૮૩ના જવાબ

આડી ચાવી :- (૧) મોનાલીસા (૪) કુલી (૬) હાંસી (૭) જનસંપર્ક (૮) ધપાવવું (૧૦) ગણ (૧૧) સર (૧૫) તાનાશાહી (૧૬) ઉતારો (૧૮) મણ (૧૯) સમ (૨૦) બેતાબ (૨૨) સીમાડો (૨૩) સમ

ઊભી ચાવી :- (૧) મોહાંધ (૨) નાસીપાસ (૩) સાજવુ (૪) કુસંગ (૫) લીપણ (૯) વરતારો (૧૨) કુશાગ્રતા (૧૩) ધોવાણ (૧૪) હાઉસ (૧૭) તામસી (૨૦) બેડો (૨૧) બગી

સરકાર વિચારે છે

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુનાન, મિશ્ર ઓ રોમ સબ મીટ ગયે જહાંસે, બાકી મગર હૈ અબતક નામોનિશાન હમારા, કુછ બાત હૈ કી, હસ્તી મિટતી નહી હમારીનું ભારતીય સંસ્કૃતિનું સામર્થ્ય દર્શાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આપણા પૂર્વજોએ માનવ-સંપદાનું એવું નિરંતર નિર્માણ કર્યું કે અનેક આક્રમણો, સંકટો, સમસ્યામાંથી પાર ઉતરવાની ઉત્તમ પરંપરા સર્જી એવા સમાજની રચના જે જ્ઞાન ઉપર આધારિત હતી, યુગાનુકુલ પરિવર્તન અપનાવવાની શકિત ધરાવતી હતી. એટલે જે કુંછ બાત હૈ કિ હસ્તી મીટતી નહીં હમારી એમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણવ્યું કે ગુલામીકાળમાં અંગ્રેજોએ ચતુરાઈથી મેકોલે એ શિક્ષણ પ્રણાલી દેશમાં દાખલ કરીને આપણી મહાન શિક્ષણ પરંપરાને વિખેરી નાંખી પરંતુ આઝાદ ભારતમાં આધુનિક બદલાવ સાથે શિક્ષણની નવી પ્રણાલીથી આપણે શિક્ષણથી વિશ્વને, માનવજાતને મારે નવી જીંદાગી સ્રોત ભારતમાતાની ભૂમિ ઉપર આકાર લઈ શકે એવી પૂરી ક્ષમતા ધરાવીએ છીએ.

આપણને એવા વ્યકિતત્વ વિકાસની શિક્ષિત યુવાશકિતની આવશ્યકતા છે જેની સમાજ વિકાસમાં આવશ્યકતા હોય-આ માટે પ્રેકટીકલ એજ્યુકેશન સાથે રિસર્ચ-ઈનોવેશનની શૈક્ષણિક કૌશલ્યની ક્ષમતાનું સંવર્ધન થવું જોઈએ એમ પણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું. નવી પેઢીમાં પરિવર્તન માટેની ક્ષમતા છે તેને કૌશલ્યવાન બનાવવાની શિક્ષા-પ્રણાલી ઉપર ધ્યાન કેન્દ્રીત કરવાનું અને તેના માટેનું વાતાવરણ તૈયાર કરવાનું માર્ગદર્શક સૂચન તેમણે કર્યું હતું.

યુનિવર્સિટી પરિસર આ માટેનો પ્રેરણાસ્ત્રોત-કેટેલીક એજન્ટ બને એનું ચિન્તન આપતાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે વીસમી સદીના ઉતરાર્ધમાં ઈન્ફરમેશન ટેકનોલોજીએ માનવજીવનમાં ક્રાંતિ સર્જી, હવે ૨૧મી સદીમાં ૨૦ એન્વાયર્નમેન્ટ ટેકનોલોજીના પ્રભાવ વિશ્વમાં વધવાનો છે એ દિશામાં ટેકનોલોજી એજ્યુકેશનના ગૂણાત્મક વ્યાપ વિસ્તારની જરૂર ઉપર તેમણે ભાર મૂક્યો હતો.

પ્રારંભીક સત્રમાં ઈટાલીના એમ્બેસેડર શ્રીયુત ડેનિએલ માનસિની, દિલ્હી યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. દિનેશ સિંઘ, મુંબઈ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. રાજન વેલુરકર યુનિવર્સિટી ઓફ બર્કેલોના પ્રોવોસ્ટ-વાઈસ પ્રેસિડેન્ટ શ્રીયુત ચાર્લ્સ ઝુકોરકી, યુનિવર્સિટી ઓફ હયુસ્ટનના ડીન પ્રો. લથા રામચન્દ વગેરેએ પણ રાષ્ટ્રીય શિક્ષણ સમિટ માટે માર્ગદર્શક સૂચનો કર્યા હતા. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. શિક્ષણના અગ્ર સચિવ શ્રી એ. એમ. તિવારીએ આભારદર્શન કર્યું હતું.

તંત્ર ઉણું ઉતર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેર કરવા માંગ કરી છે.

શહેરી ગરીબી અને પછાત વિસ્તારના લોક સુવિધાના કામો માટે ૨૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ તે બાબતે શહેરમાં આવેલા ગ્રામ્ય વિસ્તાર જેવા કે ધોળાકુવા, બોરીજ, ઈન્ડ્રોડા, પાલજ, આદીવાડા વગેરેમાં કોઈ કામગીરી થઈ છે? તેની વિગતો જાહેર કરવા પણ શ્રી પટેલે જણાવ્યું છે.

બી.પી.એમ.સી. એકટની ૧૯૪૯ની જોગવાઈઓ મુજબ રાજય સરકારે ગાંધીનગરમાં મહાનગરપાલિકાની રચના કરે ત્રણ વર્ષી વધુ સમય પસાર થઈ ગયેલ છે. છતાં પણ કાયદા મુજબ બીજી જવાબદારીઓ કામગીરી, સત્તા અને ફરજો સોંપવામાં આવેલ નથી, મહાનગરપાલિકાને ફક્ત એક જ રાજયના પાટનગર (રાજધાની)ની સફાઈની જવાબદારી સોંપવામાં આવેલ છે. જેમાં મહાનગરપાલિકા સદંતર નિષ્ફળ છે. અને બાકીના જે વિભાગો કોર્પોરેશનને સોંપવામાં નથી આવ્યા, તે વિભાગોની પ્રજાના પ્રશ્નો માટે સંકલન માટે શું કાર્યવાહી કરવામાં આવી ? જેવા કે પાણી અને ગટર, ટાઉન પ્લાનીંગ, રેવન્યુ, સ્લમ આવાસ યોજના, રોડ-રસ્તા, ટ્રાફિક વ્યવસ્થા, સીટીબસ આ બાબતે પ્રજાના પ્રશ્નોનો એક જ જગ્યાએ નિરાકરણ આવે તે માટે શું કાર્યવાહી કરવામાં આવી ?

સને ૨૦૧૩-૧૪ના અંદાજપત્રમાં કરેલી જોગવાઈઓ તંત્ર દ્વારા શું કામો કરવામાં આવ્યાં, તેની ઉપરોક્ત માંગવામાં આવેલી માહિતી પુરી પાડવા નગરજનોના હિતમાં કોર્પોરેશને વર્ષ દરમ્યાન શું શું કામો કર્યા અને શું શું કામો ન કરેલ, જોગવાઈઓ કરેલ હોવા છતાં તંત્રની કામગીરી બાબતે પ્રજાજનોને શું નીતિ છે. તેની જાળકારી મળી રહે તે માટે એક નગરસેવક તરીકે વિનંતી કરૂ છું.

ઘણી નવી સરકારોએ આપેલા વાયદા ૧૦ દિવસમાં પુરા કરે છે. જ્યારે આપેલા વાયદા અને કરેલી જોગવાઈઓ એક વર્ષમાં પણ સુવિધા કરી શકતા નથી, તે દુઃખદ બાબત છે. આપણો ફક્ત કાગળ ઉપરજ વહીવટ ચાલે છે.

બુલેટ પ્રવાસ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું કે તેમના ઓશન ગ્રુપના કુલ ૧૨ યુવાનોએ આ અનોખી અને મજેદાર બુલેટ સવારીની મજા માણી હતી. બુલેટની જાંબાઝ સવારી માણવા ગ્રુપના હિંમતસિંહ ચાવડા, ધવલ પટેલ, દિપેશ પટેલ, નિખિલ, દિપ પટેલ, કેવલ સોની, નિરવ ત્રવેદી, મહેશ નાયી, પ્રતિક સોની અને અમિત ઠકકરે ગાંધીનગરથી જેલસમેર સુધી બુલેટ પ્રવાસ કરવાનો નિર્ણય લીધો હતો. આ બુલેટ પ્રવાસમાં યુવાનો સાથે એક મિકેનિકને પણ સામેલ કરવામાં આવ્યા હતા. માત્ર એક જ રાતમાં આ યુવાનો ૬૫૦ કી.મી.નું અંતર કાપી જેસલમેર પહોંચ્યા હતા. જો કે આ યાદગાર બુલેટ પ્રવાસ દરમિયાન તેમણે કાતિલ ઠંડીનો પણ સામનો કરવો પડયો હતો. રાત્રિના ત્રણ ત્રણ સ્વેટર પહેર્યા પછી પણ ધ્રુજવાનો વારો આવ્યો હતો. પરંતુ આ બુલેટ પ્રવાસ તેમના માટે ખુબ યાદગાર બની ગયો હોવાનું પણ આ યુવાનોએ જણાવ્યું હતું. દમદાર એન્જિન સાથે રોડને ચોંટીને ચાલતી બુલેટની રુઆબદાર સવારીનો આનંદ કાંઈક અલગ જ હોય છે. કમ્ફર્ટેબલ રાઈડ હોવાથી લોંગ ડ્રાઈવ માટે બુલેટ પ્રવાસના અંતે થકાન પણ મહેસુસ થતી નથી. દર ૧૦૦ કિલોમીટરે માત્ર ૧૦ મિનિટના વિરામ બાદ બુલેટ યાત્રા આગળ વધતી હતી જયારે જેસલમેરમાં હરણો નિહાળવાની મજા પણ કાંઈક ઔર જ હતી.ખુરી રણથી સમ તરફ જતા તેમના બુલેટની સાથે હરણોએ પણ દોડ લગાવી હતી. આ નઝારો તેમના પ્રવાસ માટે વિશેષ યાદગાર બન્યો હતો. ટેન્ટમાં રોકાણ કરવાની મજા પણ લીધી હતી. બુલેટ પ્રવાસ બાદ વધેલી રકમમાંથી આ યુવાનો વૃધ્ધાશ્રમના વૃધ્ધોને ચીજવસ્તુઓ પુરી પાડવાનું સેવા કાર્ય કરશે.

પાણી મિશ્રિત દૂધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોંધાવ્યો છે. બનાસડેરીના અધિકારીની ફરીયાદને આધારે અડાલજ પોલીસે દૂધ ચોરી, દૂધમાં પાણીની ભેળસેળ કરવી અને જાહેર પુરવઠાને ખોરવવાનો પ્રયાસ કરવા બદલ ગુનો નોંધી ડ્રાઈવરની ધરપકડ કરી લીધી છે. ડ્રાઈવરની સઘન પુછપરછમાં આ કૌભાંડ કેટલા સમયથી ચાલતુ હતુ તેની સનસની હકીકતો બહાર આવે તેવી શકયતા છે.

બનાસડેરીના અધિકારી જયંતિભાઈ નરોત્તમભાઈ પટેલે અડાલજ પોલીસમથકે ફરીયાદ નોંધાવી છે. જેમાંથી મળતી વિગતો મુજબ ૮ જાન્યુઆરીએ બનાસ ડેરીમાંથી દૂધ ભરેલુ ટેન્કર લઈને બનાસકાંઠાના વાવ વિસ્તારનો ડ્રાઈવર રમેશચંદ્ર દેવસિંહ ચૌહાણ ગાંધીનગર મધર ડેરી જમા કરાવવા નીકળ્યો હતો. ૮મીએ સાંજે નીકળેલો ડ્રાઈવર ૯મીએ સવારે સવાચાર વાગે મધર ડેરીએ પહોંચ્યો. બનાસડેરીથી મધર ડેરી આવતા રસ્તામાં ડ્રાઈવરથી ડેરી દ્વારા મોકલવામાં આવેલા દૂધના સેમ્પલવાળી બોટલમાંથી દૂધ ઢળી ગયું...! હવે મધર ડેરીએ દૂધનું સેમ્પલ સીલ બંધ ટેન્કરમાંથી લેવું પડ્યું. ટેન્કરમાંથી દૂધનું સેમ્પલ નિકાળ્યું ત્યાં ચોંકાવનારી વિગતો બહાર આવી. બનાસડેરીમાંથી મોકલવામાં આવેલા સાડા પાંચ ફેટના દૂધનું ટેન્કરમાંથી દૂધનું સેમ્પલ લઈને ચેકીંગ કર્યું તો માત્ર સવા બે ફેટનું જ દૂધ નિકળ્યું...! આ અંગે મધર ડેરીના અધિકારીઓ દ્વારા બનાસડેરીના અધિકારીઓને જાણ કરતાં તેઓ પણ ગાંધીનગર દોડી આવ્યા હતા અને સેમ્પલની પુનઃ તપાસ કરી હતી. ડ્રાઈવર રમેશચંદ્ર ચૌહાણ જ્યારે બનાસ ડેરીમાંથી દૂધનું ટેન્કર લઈને નિકળ્યો ત્યારે સાડા પાંચ ફેટ હતું તે જ દૂધ ગાંધીનગર પહોંચતા સવા બે ફેટ થઈ જતાં ડ્રાઈવરની ભૂમિકા શંકાસ્પદ લાગી. તેની પુછપરછ કરતાં રસ્તામાં તેણે ટેન્કરના સીલને એક વ્યક્તિની મદદથી ખેરાલુ પાસે ટેન્કરમાં મોટર લગાવી ૧૦ હજાર લીટર દૂધ કાઢી લઈ તેમાં ૧૦ હજાર લીટર પાણી ભેળવી દીધુ હોવાનું ખુલ્યું હતું. આ મામલો દૂધનું સેમ્પલ ઢળાઈ જતાં બહાર આવ્યો હતો. તો આ પ્રકારે ડ્રાઈવરે કેટલી વાર અડધોઅડધ પાણી મિશ્રિત દૂધ જમા કરાવી કૌભાંડ આચર્યું હશે? તે તો પોલીસની કડક પુછપરછમાં જ બહાર આવશે. આ પ્રકરણમાં ડેરીમાં સેમ્પલ તપાસનાર વ્યક્તિઓની ભુમિકા શંકાસ્પદ છે કે કેમ ? તેની પણ પોલીસ તપાસ કરશે. અડાલજ પી.એસ.આઈ. કે.બી. રાણાવતે આ મામલે ડ્રાઈવર સામે દૂધમાં પાણી ભેળવવું, દૂધ ચોરી કરવું અને જાહેર પુરવઠાને ખોરવવા પ્રયાસ કરવા અંગે ગુનો નોંધી તેની સાંજે ધરપકડ કરી લઈ પૂછતાછ શરૂ કરી છે.

સેમ્પલની બોટલમાંથી દૂધ ઢળી ગયું એટલે ભાંડો ફૂટ્યો...!

દૂધ ડેરીમાં જમા કરાવવા માટે પેટા ડેરી ડ્રાઈવર